નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક ની ચાર આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્યની ૦૪ (ચાર) નવી જગ્યાઓ ઊભી કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત

**રૂ. ૨૮.૮૦ લાખની મંજૂરી**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૨૦૧૯/૨૫૭૦૨૦/ન.બા-૪૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૯/૦૮/૨૦૧૯

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૫/૦૪/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૨/૨૦૧૯-૨૦/૪૨૩૮-૩૯

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની નવી મંજૂર થયેલ ચાર આદર્શ નિવાસી શાળાઓમાં ૦૪(ચાર) આચાર્ય(વર્ગ-૨)ની જગ્યાઓ ઊભી કરવા અંગે નિયામકશ્રી, અ.જા.કએ વંચાણે લીધા ક્રમ(૧) પરના તા.૨૫/૦૪/૨૦૧૯ના પત્રથી રૂ.૨૮.૮૦ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબતને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્યની ૦૪ જગ્યા ઉભી કરવા માટે કુલ રૂ.૨૮.૮૦ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની નવી મંજૂર થયેલ ચાર આદર્શ નિવાસી શાળાઓ (૧) મુંદ્રા જિ.કચ્છ (કુમાર) (૨) લખપત જિ.કચ્છ (કુમાર) (૩) મોડાસા જિ.અરવલ્લી (કન્યા) (૪) પોરબંદર, જિ. પોરબંદર (કુમાર)માં ૦૪(ચાર) આચાર્ય(વર્ગ-૨)ની જગ્યાઓ ઊભી કરવાની વર્ષ ૨૦૧૯-૨૦ની રૂ.૨૮.૮૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. તેમજ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૭) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૦) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૧) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૨) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની

મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક :- ૯૫

મુખ્ય સદર :- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,

પેટા મુખ્ય સદર:- ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,

ગૌણ સદર :- ૨૭૭-શિક્ષણ

પેટા સદર :- (૧૭), SCW-08, સરકારી છાત્રાલયો/સમરસ છાત્રાલયો/મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૭/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એસ.ગઢવી)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- પસંદગી ફાઇલ-૨૦૧૯.